# સંજેલી નગરમાં ગણેશોત્સવની ઠેરઠેર ઉજવણી : દૂદાળા દેવની આકર્ષક મૂર્તિઓનુ સ્થાપન


દરબાર ગઢ કે મહારાજા નવ યુવક મંડળ


બાપ્પા સરકાર ઠાકોર ફળિયું


09 બ્રધર ગ્રુપ માર્કેટ ફળિયું


પંચાલ ફળિયા નવયુવક મંડળ


મંગળ બજાર યુવક મંડળ


પ્રજાપતિ નવયુગ મંડળ

**સંજેલી :** સમગ્ર દેશમાં અત્યારે પાછલા ચારેક દિવસથી દુંદાળા દેવ ગણેશજીનો તહેવાર રંગે ચંગે ઉજવાઇ રહ્યો છે ત્યારે સમગ્ર ગુજરાત સહિત દાહોદ જિલ્લાના સંજેલી ગામમાં પણ વિવિધ મંડળો દ્વારા સંકષ્ટ ચતુર્થીના દિવસે ગણેશજીની વિવિધ આકર્ષક મૂર્તિઓનુ સ્થાપન કરવામાં આવ્યુ હતુ જેમાં નગરમાં વાજતે ગાજતે ડીજેના તાલ સાથે મંડળના સભ્યો દ્વારા ઉમંગ અને ઉત્સાહથી દાદાનુ આગમન કરવામાં આવયુ હતુ ત્યારબાદ રોજ દુંદાળા દુેવને નીતનવા ભોગ ધરાવી, આરતી પૂજા અર્ચના કરી ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી છે અને આગામી દિવસોમાં અનંતચૌદશને દિવસે શ્રી ગણેશજીની વિસર્જન યાત્રા પણ યોજવામાં આવશે જેમાં સૌ કોઇ ભાગ લઇ તહેવારની ઉજવણી કરશે.

## સંક્ષિપ્ત સમાચાર

### PM મોદીના જન્મદિને સિંગવડની કબૂતરી નદીમાં રંગોળીનુ આકર્ષણ



**સિંગવડ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમના 25 વર્ષના સુશાસન-સેવા પૂર્ણ થવાના અવસરે સિંગવડ તાલુકામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દાહોદ જિલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ રુચિતાબેન રાજની આગેવાનીમાં યોજાયો હતો. મહિલા મોરચા દ્વારા કબૂતરી નદીના પાણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો ફોટો તથા હેપ્પી બર્થ ડે થી ફૂલોની અનોખી રંગોળી બનાવવામાં આવી હતી, જે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બની હતી અને ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

### દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે લીમખેડામાં રક્તદાન કેમ્પ યોજાયો



**લીમખેડા :** દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મ દિવસ નિમિત્તે લીમખેડા ચાર ભુજા હોસ્પિટલ ખાતે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર ની ઉપસ્થિતિ માં વિશાળ રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં 80 યુનિટ રક્ત એકઠું કરવામાં આવ્યું હતુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના ૭૬ માં જન્મ દિવસ નિમિત્તે લીમખેડા ચાર ભુજા હોસ્પિટલ ખાતે દાહોદ માય બ્લડ બેન્ક દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં લીમખેડા આરોગ્ય વિભાગ ની ટીમ લીમખેડા નગરના વેપારીઓ નવયુવાનો મહિલા ઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ૬૦ યુનિટ રક્ત દાન કર્યું હતું.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે રામનાથ મહાદેવ મંદિરે વિશેષ પૂજા-હવન કરાયું



**કાલોલ :** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે કાલોલ તાલુકાના રામનાથ ગામે આવેલા શિવાલય રામનાથ મહાદેવ મંદિર ખાતે વિશેષ પૂજા-અર્ચના અને હવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ અને ગ્રામજનોએ પૂજાવિધિ કરી વડાપ્રધાનના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે મહાદેવજી સમક્ષ પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં તમામ ઉપસ્થિતોએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી વડાપ્રધાન દેશને પ્રગતિના પંથે આગળ ધપાવતા રહે તેવી મનોકામના વ્યક્ત કરી હતી.

### હાલોલ લક્કી સ્ટુડિયો ખાતે એમ. જી. એસ. ફિલ્મ્સ સુરત દ્વારા ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત



**હાલોલ :** હાલોલ લક્કી સ્ટુડિયો ખાતે આજરોજ ગુજરાતી ફિલ્મ નું મુહૂર્ત કરવા મા આવ્યું. જેમાં ભગવાન ઉપર શ્રદ્ધા આધારિત ફિલ્મ નું નિર્માણ માનવ ગોવિંદ સાકરીયા દ્વારા થનાર છે. જેમાં લાઈન પ્રોડ્યુસર દિનેશ આંગડિયા(પટેલ) વિશાલ શાહ, પારસ ડગલી (શાહ), ડગલી લાળકચંદ. નથુની. ચાલ, મારફતે પ્રથમ વખત ગુજરાતી ફિલ્મ નુ આયોજન કરી રહ્યા છે. ગુજરાતી કલાકરો દ્વારા બનનાર ફિલ્મ એ ગુજરાતી સિનેમા મા ગુજરાતી ફિલ્મ ગુજરાત ની અનોખી ધરોહર અને ઓળખ માટે પ્રોડ્યુસરો દ્વારા ગુજરાતી ધાર્મિક ફિલ્મો નુ નિર્માણ થઈ રહ્યું છે એ આવનાર પેઢી માટે ગૌરવ અને સંસ્કારો નુ સિંચન સમાન છે.

**કોર્ટે રૂ. ૨૫,૦૦૦ દંડની સજા પણ ફટકારી છે**

## કાલોલમાં પરિણીતા પર સામૂહિક દુષ્કર્મ આચરનાર ૩ને ૨૦ વર્ષની સખત કેદ

(પ્રતિનિધી) કાલોલ, તા.17

કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પરિણીતા સાથે સામૂહિક દુષ્કર્મ (ગેંગરેપ) આચરવાના ગંભીર ગુનામાં હાલોલની નામદાર એડીશનલ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ત્રણેય આરોપીઓને ૨૦ વર્ષની સખત કેદ અને દરેકને રૂ. ૨૫,૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

ફરિયાદી મહિલા રસ્તા પર ચાલીને જઈ રહ્યા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ એક સગીર બાળકે તેમનો હાથ પકડી રાખ્યો હતો. તે જ સમયે બાકરોલ કાંટાવેડા ફળિયાના રહેવાસી (૧) દિપકસિંહ દલીપસિંહ પરમાર, (૨) ભયલુ સીતાભગત પરમાર અને (૩) ઉમેશકુમાર કાળુભાઈ પરમાર આવી પહોંચ્યા હતા. ચારેય જણાએ મહિલાનું મોઢું દબાવી, તેમને ઢસડીને નજીકના પડતર ખેતરમાં લઈ જઈ તેમની મરજી વિરુદ્ધ વારાફરતી દુષ્કૃત્ય આચર્યું હતું.આરોપીઓએ પોતાના કેમેરાવાળા મોબાઈલમાં મહિલાના વાંધાજનક ફોટા પાડી લીધા હતા. જો આ વાત કોઈને કહેશે તો ફોટા વાયરલ કરવાની અને મહિલા તેમજ તેમના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહિલાએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૭૬(ડી) અને ૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધાવતા તપાસ અધિકારીએ આરોપીઓની અટકાયત કરી ચાર્જશીટ રજૂ કરી હતી. કેસ ચાલવા પર મદદનીશ સરકારી વકીલ એલ.આર. શેઠનાએ એફ.એસ.એલ. ગાંધીનગર અને એફ.એસ.એલ. સુરતના રિપોર્ટ, સાક્ષીઓ તથા તપાસ અમલદારની જુબાનીના આધારે મજબૂત રજૂઆતો કરી હતી.

જે આધારે હિતેશકુમાર ઉર્ફે દીપો ઉર્ફે દિપકસિંહ દલીપસિંહ પરમાર,સુરેન્દ્રસિંહ ઉર્ફે ભયલી ઉર્ફે અજીતસિંહ ઉર્ફે સીતાભગત પરમાર, ઉમેશકુમાર ઉર્ફે મઠો વીરસિંહ કાળુભાઈ પરમાર (ત્રણેય રહે. બાકરોલ કાંટાવેડા ફળિયું, તા. કાલોલ) નામદાર એડી સેશન્સ કોર્ટ હાલોલ દ્વારા ત્રણેય આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૭૬(ડી) હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨૫,૦૦૦/- નો દંડ ફટકાર્યો છે. જો દંડની રકમ ન ભરે તો વધુ ૧ વર્ષની સાદી કેદ ભોગવવી પડશે.

### હાલોલમાં અજાણ્યા વાહનની અડફેટે આખલો ઘવાયો



હાલોલઃ કાલોલ રોડ પર આવેલ સેટકો કંપનીના મેઈન રોડ પર નંદી મહારાજને કોઈ અજાણ્યા વાહનચાલકે અકસ્માત કરતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં જ સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. ટીમ મેમ્બર તથા ડૉક્ટર સાહેબ સાથે ઘટનાસ્થળે પહોંચી નંદી મહારાજની તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ ઈજાના સ્થળે જરૂરી દવા-સારવાર કરવામાં આવી હતી અને તેમની સ્થિતિ અંગે જરૂરી કાળજી રાખવામાં આવી હતી. અકસ્મતગ્રસ્ત અબોલ જીવને સમયસર મદદ મળી રહે તે માટે સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા સતત સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.

**વેજલપુર નજીક ગંભીર માર્ગ અકસ્માત**

## ટ્રકની અડફેટે મોટરસાયકલ ચાલક વૃદ્ધનું દર્દનાક મોત, ટ્રક ચાલક ફરાર

(પ્રતિનિધી) કાલોલ, તા.17

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સુરેલી રોડ પર ભારત સિલિકા કંપની નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. ઝડપભેર અને ગફલતભરી રીતે આવી રહેલી ટ્રકના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતાં ૬૮ વર્ષીય વૃદ્ધનું ગંભીર ઈજાઓના કારણે કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, હાલોલ તાલુકાના તારખંડા (ઉગમણું ફળિયું) ખાતે રહેતા કનકસિંહ સોમસિંહ ચાવડા નિવૃત પોલીસ કર્મચારી (ઉં.વ. ૬૮) પોતાની મોટરસાયકલ (નંબરઃ GJ-06-BS-3547) લઈને કામ અર્થે નીકળ્યા હતા. બપોરના આશરે ૧૩ઃ૩૦ વાગ્યાના સુમારે વેજલપુર થી સુરેલી જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ભારત સિલિકા કંપની નજીક ટ્રક (નંબરઃ GJ-08-W-0507) ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર વાગતા જ કનકસિંહ રોડ પર પટકાતાં તેમને શરીરે, માથાના ભાગે તથા બંને પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર અર્થે ગોધરા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન અથવા તબીબી તપાસ બાદ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

**ગેરહાજર આરોપી સામે ધરપકડ વોરંટ**

## દાહોદમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ અને ૪.૭૦ લાખનો દંડ

(પ્રતિનિધી) દાહોદ, તા.17

દાહોદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળના મહત્વપૂર્ણ ચુકાદામાં આરોપી પંકજ અરવિંદકુમાર મરચન્ટને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદ તેમજ ૪,૭૦,૦૦૦/- નો દંડ ફટકાર્યો છે. ચુકાદા સમયે આરોપી ગેર હાજર રહેતાં કોર્ટે તેની સામે નોન-બેલેબલ વોરંટ (NBW) તથા સજા વોરંટ ઈસ્યુ કરવાનો કડક આદેશ કર્યો છે. આરોપી પંકજ અરવિંદકુમાર મરચન્ટ એ શ્રીરામ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ., દાહોદમાંથી અંગત જરૂરિયાત માટે જાત જામીન લોન મેળવી હતી. લોન ખાતાની ઓવરડ્યુ રકમ બાકી નીકળતાં, તેની ભરપાઈ પેટે આરોપીએ ૩,૫૧,૭૩૬/- નો બેંક ઓફ બરોડાનો ચેક સોસાયટીને આપ્યો હતો. સદર ચેક બેંકમાં રજૂ કરતાં ખાતામાં અપૂરતા ભંડોળ ("Funds Insufficient") ના શેરા સાથે પરત ફર્યો હતો. કાયદેસરની ડિમાન્ડ નોટિસ બજવા છતાં આરોપીએ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવ્યા ન હતા. જેથી સોસાયટીના અધિકૃત અધિકારી નરેન્દ્રકુમાર શંકરલાલ ગામોટ દ્વારા વિદ્વાન વકીલ શ્રી તરૂણ કે. શર્મા મારફતે દાહોદ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમિનલ કેસ નં. ૧૭૨૩/૨૦૨૩ દાખલ કરવામાં આવ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને કાયદાકીય અનુમાનોને ધ્યાને લઈ નામદાર કોર્ટે ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે સાબિત થયેલો માન્યો હતો.

### લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે PM મોદીના જન્મદિવસની ઉજવણી

લીમખેડા : લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ, લીમખેડા ખાતે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો તેમજ શાળા પરિવાર ઉત્સાહભેર જોડાયા હતા.કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શાળાના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલી અદ્ભુત માનવ આકૃતિઓ હતી. દેશભક્તિના માહોલ વચ્ચે બાળકોએ મેદાન પર એકત્રિત થઈને 'ભારતનો નકશો' અને વડાપ્રધાન પ્રત્યેનો આદર વ્યક્ત કરતી 'હેપ્પી બર્થડે મોદી સર' (Happy Birthday Modi Sir) લખેલી વિશાળ અને નયનરમ્ય માનવ આકૃતિની સંરચના કરી હતી, જેણે ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.

**સુખસર તાલુકાના ખેડૂતો પાસેથી ભાડા કરારથી ઠગાઇ આચરી હતી**

## ટ્રેક્ટરો લઈ ફરાર થયેલા મહીસાગરના બે આરોપીની ધરપકડ કરાઈ

(પ્રતિનિધી) સુખસર, તા.17

સુખસર તાલુકાના અલગ-અલગ ગામડાના 14 જેટલા ટ્રેક્ટર માલિક ખેડૂતોને મહીસાગર જિલ્લાના પંકજભાઈ મહેશભાઈ ડામોર રહે. પાદેડી અડોર,તા. સંતરામપુર તથા તેજસભાઈ રાજેશભાઈ શર્મા રહે. ચારણગામ સાલાવાડા,તા.લુણાવાડા જી.મહીસાગરનાઓ ગત એપ્રિલ માસમાં સુખસર આસપાસના ગામડાઓમાં આવી કેટલાક લોકોને વિશ્વાસમાં લઈ પોતે રોડની કામગીરી કરાવતા હોય તેમાં ટ્રેક્ટરોની જરૂરત હોય અને ટ્રેક્ટર આપવું હોય તો માસિક રૂપિયા 20,000 ભાડું આપવાની તથા ટ્રેક્ટરના હપ્તા બાકી હોય તો અમો ભરીશું તેવી લાલચ આપી



ટ્રેક્ટરો લઈ ગયા હતા. ત્યારબાદ સમય તથા ભાડાની માંગ કરતા વિવિધ બહાના બતાવી ભાડું ચુકવ્યું ન હતું. જ્યારે આ ટ્રેક્ટર માલિકો પૈકી કેટલાક ટ્રેક્ટર માલિકો પંકજ ડામોરના ઘરે જઈ તપાસ કરતા તેના પિતાએ જણાવેલ કે'મારો છોકરો ક્યાં છે? તેની મને કોઈ ખબર નથી'તેમ જણાવતા ટ્રેક્ટર માલિકોને ભાડાની લાલચે છેતરપિંડીનો શિકાર બનાવવામાં આવ્યા હોવાનો અહેસાસ થતાં અને પંકજ ડામોરને પૂછતા તેમના ટ્રેક્ટરો શામળાજી તથા ભીલોડા બાજુ મુકેલ હોવાનું જણાવતા કેટલાક ટ્રેક્ટર માલિકો ત્યાં જઈને પણ તપાસ કરી હતી.પરંતુ પોતાના ટ્રેક્ટરોનો ત્યાં કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ ટ્રેક્ટર માલિકોએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદો આપીહતી.ત્યારબાદ પોલીસે ગુપ્ત રાહે ટ્રેક્ટરોની તપાસ ચાલુ કરી હતી.અને હાલ સુધી નવ જેટલા ટ્રેક્ટરો સૌરાષ્ટ્રમાંથી કબજે કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તેમજ ટ્રેક્ટર ભાડે લઈ છેતરપિંડી નો શિકાર બનાવનાર ટોળકી મોટી હોવાની ચર્ચા સાંભળવા મળે છે.

**દબાણ દૂર કરવાની કામગીરીથી નાના વેપારીઓ અને મજૂરો મુશ્કેલીમાં**

## લીમખેડામાં દબાણ હટાવ્યા બાદ લારી-પથારાવાળાઓનો રોજગાર છીનવાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.17

લીમખેડા શહેરમાં રોડ પરના દબાણો દૂર કરવાની કામગીરી બાદ લારી-ગલ્લાવાળા, પથારાવાળા અને હાથલારી પર ધંધો કરતા વેપારીઓ તેમજ રોજિંદી મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. વહીવટી તંત્ર દ્વારા દાહોદ-ગોધરા રોડ અને ઝાલોદ રોડ સહિતના વિસ્તારોમાં દબાણો દૂર કરવામાં આવતાં અનેક નાના વેપારીઓને રોજગાર છીનવાઈ ગયો હોવાની રજૂઆત સામે આવી છે. રોજ કમાઈને રોજ ખાવા પર નિર્ભર પરિવારો માટે હવે ઘરનું ભરણપોષણ કરવું મુશ્કેલ બન્યું છે. લીમખેડામાં લાંબા સમયથી રોડની આસપાસ લારી-ગલ્લા, પથારાં અને હાથલારી પર વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ કરતા લોકો પોતાનો વ્યવસાય ચલાવાતા હતા. શાકભાજી, ફળો, નાસ્તો, ચા પાણી સહિતની વસ્તુઓ વેચીને અનેક પરિવારો રોજિંદી આવક મેળવતા હતા. કેટલાક લોકો નાના ધંધા ઉપરાંત દૈનિક મજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જોકે, દબાણ હટાવવાની કામગીરી બાદ આ લોકો માટે ધંધો કરવા માટેની જગ્યા ન રહેતાં તેમની આવક પર સીધી અસર પડી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, દબાણો દૂર કરવામાં આવ્યા બાદ તેઓને ફરીથી ધંધો ક્યાં અને કેવી રીતે શરૂ કરવો તે અંગે મુશ્કેલી ઊભી થઈ છે. ઘણા નાના વેપારીઓ પાસે પોતાની દુકાન કે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા નથી. રોજિંદા વેચાણ માંથી મળતી આવકથી જ ઘરનું રાશન, બાળકોના શિક્ષણ, વીજળીનું બિલ અને અન્ય જરૂરી ખર્ચ કરવામાં આવતો હતો.

### ભમરેચી માતાજીના મંદિરે મહાઆરતી, PM મોદીના દીર્ઘાયુ માટે પ્રાર્થના



સીંગવડ : સિંગવડ ખાતે કબૂતરી નદીના કિનારે આવેલ પ્રસિદ્ધ ભમરેચી માતાજીના મંદિરે સાંસદ તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર તાલુકા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ભાભોર ઉપપ્રમુખ તથા તાલુકા પંચાયત સભ્યો જિલ્લા પંચાયત સભ્યો તથા સરપંચો અને મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ તથા ભક્તો દ્વારા 1100 દીવાની મહાઆરતી ઉતારવામાં આવી હતી.

**કાલોલની M.M.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કાર્યક્રમ**

## વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે વેબિનાર યોજાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.17

પંચમહાલ જીલ્લાના કાલોલ ખાતે આવેલ એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત તા.16 સપ્ટેમ્બર, 2026 (બુધવાર) ના રોજ સવારે 10:30 કલાકે World Suicide Prevention Day નિમિત્તે વિશેષ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ લાવવી, માનસિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવું તથા મુશ્કેલીના સમયમાં વાતચીત અને યોગ્ય



સહાય મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન " Changing the Narrative on Suicide - Start the Conversation, Save a Life " સંદેશ દ્વારા વિદ્યાર્થીઓને સંવેદનશીલતા, સહાનુભૂતિ અને એકબીજાને મદદ કરવાની ભાવના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.